# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# OVER ALL RAIN

રાજ્યના કેટલાક ભાગોમાં વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાયો છે. દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ગઈકાલ રાતથી વરસાદ વરસી રહ્યો છે. સુરતમાં ગઈરાતે 12 વાગ્યાથી સવારે આઠ વાગ્યા સુધીમાં શહેરના વિવિધ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, વરસાદને પગલે સુરત નજીકનો રંદેરનો કોઝ- વે 6.37 મીટરની સપાટી વટાવીને ઓવરફ્લો થયો હતો.

અમારા પંચમહાલના પ્રતિનિધ વિપુલ પુરોહિત જણાવે છે કે, ગઇકાલે સાંજે ધમાકેદાર વરસાદ ખબકતા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. 2 કલાકમાં જ 65 મિલિમિટર વરસાદ નોંધાયો હતો.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારાના જણાવ્યા અનુસાર વ્યારા, વાલોડ, ડોલવણ સહિતના તાલુકાઓમાં આજે છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો.

અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક વરસાદ વિશે માહિતી આપતા જણાવે છે કે સાવરકુંડલા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે.. સમગ્ર પંથકમાં ધીમીધારે મેઘમહેર શરૂ થઈ છે..

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલે જણાવ્યું હતું કે, એક દિવસના વિરામ બાદ ફરી વરસાદ વરસવાનું શરૂ થયું છે..વાવણી લાયક વરસાદને પગલે ખેડૂતો ખેતીકામમાં વ્યસ્ત બની ગયાં છે..

અરવલ્લીનાં માલપુરમાં સવારથી જ વરસાદ વરસી રહ્યો છે.. મોરડુંગરી, તખતપુર,ભેમપુર,મહિયપુરની સાથેસાથે સોનિકપુર,રુઘનાથ પુરમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. આ વરસાદને કારણે મગફળી,સોયાબીનના પાકને જીવતદાન મળી ગયું છે..

# MONSOON UPDATE

સમગ્ર ગુજરાતમાં ચોમાસાની અસર જોવા મળી રહી છે ત્યારે રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે છ વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં નવસારી જિલ્લાના ખેરગામમાં ત્રણ ઇંચ, વલસાડ જિલ્લાના કપરાડા અને વાંસદા અને સુરતના ઉમરપાડામાં બે-બે ઇંચ વરસાદ વરસ્યો છે.

જ્યારે ગઇકાલથી આજે સવારે ૬.૦૦ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠાના દાંતામાં સૌથી વધુ ૮ ઇંચ અને વડગામ તાલુકામાં ૪ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ તરફ મહીસાગરના કડાણા તાલુકામાં સાડાત્રણ ઇંચ વરસાદ, પંચમહાલના શહેરા ત્રણ ઇંચ વરસાદ,નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં પોણા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો છે.

# RAGHVJI PATEL- RASIKARAN

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારના પશુ કલ્યાણના આગવા અભિગમથી છેલ્લા બે દાયકા દરમિયાન પશુઓને થતા ચેપી રોગચાળામાં ધરખમ ઘટાડો થયો છે. તેમણે જણાવ્યું કે, "નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ" હેઠળ ચોથા રાઉન્ડમાં રાજ્યના ૧૫૪ લાખ પશુઓને ખરવા-મોવાસાની રસી આપી રક્ષિત કરાયા છે..

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, બૃસેલ્લોસિસ રસીકરણના ત્રીજા રાઉન્ડની રસીકરણની કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા ૭ લાખ ૫૬ હજાર રસીના ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૫૩ હજાર પશુઓનું રસીકરણ પૂર્ણ થયું છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે,રાજ્યના ૬૨ લાખ પશુઓનું લમ્પી સ્કીન ડીસીઝ સામે રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૮૮ લાખથી વધુ મોટા પશુઓને કૃમિનાશક રોગ સામે સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૨૫૭ લાખ પશુઓનું ઈયર ટેગિંગ કરીને ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ સ્થાને છે.

# BOTAD- BJP KAROBARI

ભારતીય જનતા પક્ષની રાજ્ય સ્તરની કારોબારી બેઠકનો આજે બીજો દિવસ છે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે ઉપસ્થિત આગેવાનોને સંબોધન કર્યું હતું.

શ્રી પાટીલે આ પ્રસંગે ટિકિટ ન મળી હોય તેમની માફી માગી. વધુમાં તેમણે કહ્યું કે જે હોદ્દેદારનું બૂથ માઇનસ હોય તેને હોદ્દો ન આપવો જોઈએ. લોકસભા ચૂંટણીમાં 5 લાખની બઢત અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે કેટલાક કારણોસર બઢત કરતા જીત મહત્વની બની રહી હતી. આ સાથે જ તેમણે ક્ષત્રિય સમાજનો આભાર પણ માન્યો.

# DAMAN RAJUAAT

દાદરા નગર હવેલીથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮૪૮ – A નું તાત્કાલિક સમારકામ કરાવવાની રજૂઆત સાંસદ કલાબહેન ડેલકરે કરી છે. તેમણે આ સંદર્ભે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીને પત્ર લખ્યો છે. જેમાં છેલ્લા બે વર્ષથી આ રોડનું સમારકામ ધીમી ગતિએ ચાલતું હોવાની રજૂઆત કરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા આ રોના સમારકામ માટે 190 કરોડના ભંડોળની ફાળવણી કરાઈ છે. જોકે સમારકામમાં વિલંબ થતા અહીં કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. તેમજ અકસ્માતને કારણે કેટલાક લોકો જીવ પણ

ગુમાવવો પડ્યો છે. સાંસદે આ તમામ મુદ્દે કેન્દ્રીય મંત્રીનું ધ્યાન દોરતા તાત્કાલિક ધોરણે સમારકામ પૂર્ણ કરવા અપીલ કરી છે.

# BHUJ MADHYAHAN

ભૂજના રાપરમાં પીએમ પોષણ યોજના અંતર્ગત કાર્યરત 21 મધ્યાહન કેન્દ્રોમાં નવા શૈક્ષણિક વર્ષ 2024-25 માટે જગ્યાઓ ખાલી પડી છે. જેથી આ કેન્દ્રો પર મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર સાંચાલક તરીકેની નિમણૂક માટેની ભરતીની પ્રક્રિયા હાથ ધરાશે. લાયકાત ધરાવતા ઉમેદવારો 18 જુલાઈ સુધી અરજી કરી શકશે. જે કેન્દ્રોમાં ભરતી પડી છે, તેમની યાદી અને વિગતો મામલતદાર કચેરી પરથી મેળવી શકાશે.

# RATH YATRA- NETROTSAV VIDHI

ભગવાન જગન્નાથની યાત્રા પૂર્વે આજે તેમનો નેત્રોત્સવ ઉજવાયો હતો. જળયાત્રા બાદ ભગવાન જગન્નાથ,બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે મોસાળ એટલે કે સરસપુર સ્થિત રણછોડરાયના મંદિરે ગયા હતા..આજે ભગવાન સરસપુર મામાના ઘરેથી નિજ મંદિરે પરત ફર્યા છે.

મામાના ઘરે વધારે કેરી અને જાંબુ ખાવાથી ભગવાનને આંખો આવી હોવાનો ભાવ વ્યક્ત કરીને ભગવાનના આંખે પાટા બાંધવાની નેત્રોત્સવ વિધિ કરવામાં આવી છે. નેત્રોત્સવ વિધિ કર્યા બાદ ધ્વજારોહણ કરવામાં આવશે. ધ્વજારોહણની વિધિ બાદ દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાંથી આવેલા સાધુ સંતોનો ધોળી દાળ અને કાળી રોટી એટલે કે દૂધપાક અને માલપુઆનો ભંડારો યોજાશે.